dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
January 2011 For private circulation only Vol. 03 - Issue 49

મળ્યાં હશે બીજાઓને મોટાં મોટાં માનપત્ર, ચીંથરાં થઈ જશે તે ચુંથાઈ ચુંથાઈને ;
બનાવી બનાવીને બેસાર્યાં હશે બાવલાં તે, પાવલાની કીંમતે કદિ જશે વેચાઈને;
મસીદો મીનારા કે કરાવેલા કીરતી થંભ, ઘણે દાડે તે તો જશે સમૂલા ઘસાઈને;
કવિતાથી ઠામ ઠામ રહે દલપતરામ, ફારબસ તણા જસ રહેશે ફેલાઈને.

કવિ દલપતરામ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

"દક્ષિણાયન" યાત્રાના બે વર્ષના સુખદ સહપંથમાં સહયોગી થનાર સૌ કોઈને અભિનંદન.

સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીનો માહોલ રંગ પકડતો જાય છે. દાળ-ભાતિયા ગુજરાતીઓનું મહેણું નાબૂદ કરવા નવીન પ્રેરણાપૂંજ 'ખેલ મહાકુંભ' નવીન આશાઓ સાથે સંસ્થાગત થાય તેવું કાર્ય થયું છે. મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયોના યુવાનોને 'સપ્તધારા'ના વિવિધ આયોજનો થકી 'જ્ઞાનધારા', 'ગુજરાત કવીઝ', 'સંગીતધારા' વગેરેના કાર્યક્રમો ગુજરાતીઓમાં કલા, સાહિત્ય, સૌંદર્યના ક્ષેત્રે ગુજરાતની અસ્મિતાની ઓળખ ઊભી થાય તથા વિશિષ્ટ પ્રયોગો તથા પ્રયત્નો થકી સંસ્થાગત (Institutionalise) થાય તેની મથામણ ચાલી રહી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના યજમાન પદે સપ્તધારાની રાજયકક્ષાની અંતિમ સ્પર્ધાઓ, પ્રજાસત્તાક પર્વની ઊજવણીની સાથે યુનિવર્સિટી પરિસરમાં યોજાશે. ગુજરાતના ઈતિહાસ, સંસ્કૃતિ તથા સાહિત્યમાં આગવું પ્રદાન કરી ગયેલ એક અંગ્રેજ અધિકારીની ઓળખ મેળવીએ. ગુજરાતના વિકાસ માટે, ગુજરાતી પ્રજાની ઉન્નતિ માટે, ગુજરાતી ભાષાની અને સંસ્કૃતિની ખિલવણી માટે અદ્વિતીય પ્રયત્નો કરનાર અંગ્રેજ અધિકારી જેમના નામથી 'ફાર્બસ ગુજરાતી સભા' કાર્યાન્વિત છે એવું એક નામ એટલે એલેકઝાન્ડર કિનલોક ફાર્બસ.

'ફાર્બસ ગુજરાતી સભા'ના સ્થાપક પૈકીના એક તથા પ્રથમ માનદ મંત્રી શ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી 'રાસમાળા'ના પ્રથમ ખંડમાં 'ફાર્બસ જીવન ચરિત્ર- પ્રારંભમાં નિરાળાં'માં દર્શાવે છે, "આપણા દેશનું કલ્યાણ ઈચ્છનાર અને કરનાર, સમભાવી, દેશીઓના પ્રતિપાલ, ઉદાર, ગુણી, સદયહૃદયવાન્, પ્રેમી, કુલીન અને સ્વર્ધમજ્ઞ, વિરલ પરદેશીય રાજપુરૂષોમાંના એક; ગૂર્જરાતની કીર્તિનો જીર્ણોધ્ધારકર્તા, અને ગૂર્જરના અસ્ત પામતા સ્તુતિપાઠક - ભાટ ચારણાદિ કવિઓની કૃતિને સ્તંભાવીને તે કવિઓના પણ કવિનો અર્થ સારનાર અલેકસાન્ડર કિન્લાક ફાર્બસ, મૂલ એક કુલીન વંશમાં તારીખ ૭ મી જુલાઈ સન ૧૮૨૧માં લણ્ડન નગરમાં અવતરયા હતા." ફાર્બસનું પિતૃવંશ રાજમૂલક ઉમરાવ કુલ ધરાવતું હતું જયારે તેમના માતૃવંશમાં વિદ્ધાન સાહિત્યકો હતા. તેઓ ઉત્તમ કુલના હતા. વીસ વર્ષની વયે તેઓ હિન્દી સનદી નોકરીમાં દાખલ થવાના હેતુથી હેલીબરી પાઠશાળામાં અભ્યાસ અર્થે ગયા. આ પાઠશાળામાં અભ્યાસ દરમ્યાન યુરોપમાં સંસ્કૃત ભાષાનો મધુર સ્વાદ ચખાડનાર પ્રખ્યાત ન્યાયાધીશ સર વિલીયમ જોન્સના સર્વે ગ્રંથો તેમને મિત્રો તથા પાઠશાળા તરફથી ભેટ મળ્યા. શેકસપિયર તેમનો પ્રિય કવિ હતો.

મુંબઈ પ્રાંતની સિવિલ સર્વિસ જોડાવા ફાર્બસ ૧૫મી નવેમ્બર ૧૮૪૩માં ભારત આવ્યા. પ્રારંભમાં તેમને અહમદનગરના કલેકટરની નીચે (હિન્દુસ્તાની ભાષાની પરીક્ષા આપી પાસ થાય ત્યાં સુધી) રાખવામાં આવ્યા. માત્ર બે જ માસમાં તેમણે હિન્દુસ્તાની ભાષા પસાર કરી. અહમદનગર તથા ખાનદેશના આસિ. કલેકટર તરીકે કામગીરી કર્યા બાદ તેમની નિમણૂંક અમદાવાદના આસિસ્ટન્ટ જજ તરીકે ૮મી એપ્રિલ ૧૮૪૬ના રોજ કરવામાં આવી.

તેરમી સદી સુધી ગૌરવાન્વિત ગૂર્જર દેશનું વર્ણન કરતાં શ્રી ત્રિપાઠી લખે છે, "ગૂર્જરત્રા અથવા ગૂર્જરાષ્ટ્ર-ભરતખંડની દુજણી ગાય; ગૂર્જરાષ્ટ્ર - ઈશ્વર લીલાની એક વાટિકા; ગૂર્જરાષ્ટ્ર - જેનાં, થોડાં જ વર્ષો ઉપર મહાપ્રતાપી વનરાજ, ક્ષત્રિયકુલદીપક ભીમદેવ, અને સિધ્ધરાજ જેવા મહાકીર્તિમન્ત રાજાધિરાજો સ્વામી હતા; ગૂર્જરાષ્ટ્ર-જેમાં સોમનાથ જેવું જગતવિખ્યાત દેવાલય એક સમયે અખિલ જગતનું ચિત્ત આકર્ષતું; ગૂર્જરાષ્ટ્ર - જેમાંના ક્ષત્રિય રાજપૂત્રો, એક સમયે ક્ષત્રિય ધર્મ યથાર્થ સમજી, કીર્તિનો દેહ પામવા જયના કુંડ આગળ સર્વસ્વ મહાપ્રેમપૂર્વક અર્પણ કરતા; આ ક્ષણિક સ્થૂળ દેહ કરતાં અમર યશોદેહને નિષ્કલંક રાખવાનું લક્ષ જેઓને સદાકાલ લાગી રહયું હતું; જે શૂરવીર રાજપુત્રોના છત્રની નીચેનાં ધ્વજપતાકાએ અને નિશાન ડંકાએ - સુભટોના કાનમાં વર્ષો સુધી તો "જય જય જય"ના મંગલ સિંહનાદ વિના અન્ય શબ્દ જ પડવા દિધેલા નહિ, જેઓએ વિમુખ એ શબ્દ જાણેલો નહિ... તે ક્ષત્રિયોનાં જયાં સન ૧૩૦૦ સુધી રાજય હતાં; એવો ગૌરવાન્વિત ગૂર્જર દેશ હતો." આવા અનેક ગુણો પાંચસો વરસ લગી ચગદાઈ રહયા હતા. "ગાયકવાડ અને પેશવાની વારા ફરતી ચડતી પડતીમાં અધિકારીઓ ગૂર્જરાતને ચૂસતા; ગૂર્જરાત એક અને તેને ચૂસનાર ક્ષુધાતુર અનેક... સરસ્વતી બંધનમાં બંધાઈ ભૂપરાં રૂપા બંદિશાલામાં પડેલી. જેને સુઘડ પંડિતો સેવે તેને ઉધઈઓએ સેવવા માંડેલી. જયાં અક્ષર-શત્રુ વિના બીજુ કાંઈ દીઠામાંજ ન આવે તેવા સંધિકાળના સમયમાં 'ફાર્બસ' જેવા માળીનું નવેમ્બર ૧૮૪૬માં અમદાવાદ આગમન થયું.

ફાર્બસ વિદ્યા અને કલા ઉભયમાં કુશળ હતા. તેમને શિલ્પકલાનો ખાસ શોખ હતો. કલા ઉપર વિદ્યાનો તાપ અને તેજ પાડી તેને વાગ્મિની કરવાનો ફાર્બસે નિશ્ચય કર્યો. આ માટે તેમણે

ગુજરાતી શીખવી જરૂરી લાગી એટલે અમદાવાદની અંગ્રેજી શાળાના હેડ માસ્તર ભોગીલાલ પ્રાણવલ્લભદાસ પાસેથી આરંભમાં ગુજરાતી શીખ્યા. રા.ભોલાનાથ સારાભાઈની ભલામણ ઉપરથી કવિશ્રી દલપતરામને તેમણે સને ૧૮૪૮માં વઢવાણથી અમદાવાદ તેડાવ્યા. દલપતરામે તેમને ગુજરાતી સાહિત્યની લગની લગાડી. દલપતરામની સહાયથી ફાર્બસે ગુજરાત-કાઠિયાવાડનો પ્રવાસ ખેડીને હસ્તલિખિત ગ્રંથોની શોધ કરવા માંડી. ખૂણે ખાંચરે પડી રહેલા અનેક કવિઓને તેમણે ઉત્તેજન આપ્યું. વિદ્યાના ચાહકોએ ફાર્બસને ભોજની ઉપમા આપી ગાયું કે -

"કરેલ કીર્તિમેર, દુનિયામાં તે દેખવા

ફાર્બસ રૂપે ફેર, ભોજ પધારયો ભૂમિમાં"

ફાર્બસનો ગ્રંથ સંગ્રહ કરવાનો પ્રયત્ન એટલો બધો આગળ વધ્યો કે એક કવિ ઉધઈને (પુસ્તકો ખાઈ જનાર કીડાને) કહે છે -

"કુથ્યા પુસ્તક કાપિને, એનો ન કરીશ અસ્ત;

ફરતો ફરતો ફારબસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ."

અમદાવાદમાં વિદ્યાપ્રચાર, કલાકૌશલ્ય તેમજ સામાજિક સુધારાઓનું આંદોલન ફાર્બસના માર્ગદર્શન હેઠળ વિકસ્યા. ૧૮૪૮માં તેમણે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના કરી. બીજે વર્ષે ભદ્રના દરવાજા પર પુસ્તકાલય સ્થાપ્યું. ત્રીજે વર્ષે 'વર્તમાનપત્ર' નામનું સાપ્તાહિક બહાર પાડયું; જે દર બુધવારે પ્રકાશિત થતું હોઈ 'બુધવારિયા' તરીકે પ્રચલિત થયું. બે વર્ષ બાદ તેઓ સુરતના સેશન્સ જજ તરીકે નિમાયા, સુરતમાં તેમણે 'સુરત અષ્ટાવિશી સોસાયટી' સ્થાપી. 'સુરત સમાચાર' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. સુરતની સૌથી જૂની 'એન્ડ્રૂસ લાયબ્રેરી' ફાર્બસ દ્વારા સ્થાપવામાં આવી છે.

ગુજરાતની નોકરી દરમ્યાન તેમણે અલભ્ય ગ્રંથોની હસ્તપ્રતો મેળવવા ખૂબ પ્રયત્નો કર્યા. કવિ ચન્દનો 'પૃથ્વીરાજ રાસો' મેળવવા તેમણે ગુજરાતના ગામે ગામ માણસો મોકલી તપાસ કરી. છેવટે બુંદીકોટાના રાજા પાસે તેની પ્રત છે તેની માહિતી મળતાં તેના ૮૦,૦૦૦ જેટલા શ્લોકોની નકલ કરાવી. પાટણના જૈન ભંડારોની મુલાકાતે ફાર્બસ ગયા. જૈન મુનિઓને પ્રસન્ન કરી 'દ્રયાશ્રય' ગ્રંથની નકલ કરાવી. આ ઉપરાંત ગુજરાતના પ્રાચીન હસ્ત લિખિત ગ્રંથો જેમાં 'પ્રબંધ-ચિંતામણી', 'ભોજ પ્રબંધ', 'પૃથુરાજ રાસ', 'કુમારપાલ રાસ', 'રત્નમાલા', 'પ્રવીણ સાગર', 'જગદેવ પરમાર', 'બાબી વિલાસ', 'શ્રીપાલ રાસ', 'કેસર રાસ' અને 'હમીરપ્રબંધ' મુખ્ય હતા. ઈ.સ. ૧૮૫૨માં ફાર્બસની પ્રેરણાથી ઈડરના રાણા યુવતસિંહજીએ ઈડરમાં કવિ સંમેલન ભર્યું હતું. સાદરામાં એક નિશાળ સ્થાપી જે "ફાર્બસ શાલા" નામે પ્રસિધ્ધ થઈ.

ફાર્બસનું ગુજરાત માટે મુખ્ય પ્રદાન હોય તો તે છે ગુજરાતના ઈતિહાસનું શબ્દદેહ. જેમ ગ્રાંટ ડફે મહારાષ્ટ્રનો ઈતિહાસ લખ્યો, કર્નલ ટોડે રાજસ્થાનો ઈતિહાસ લખ્યો તેમ ફાર્બસે ગુજરાતનો ઈતિહાસ લખ્યો. આ ઈતિહાસ એટલે "રાસમાલા". ફાર્બસ ઈ.સ. ૧૮૫૪માં ઈંગ્લેન્ડ ગયા અને ત્યાં બે વર્ષ રોકાઈ ઈ.સ. ૧૮૫૬માં રાસમાળા, બે ભાગમાં રિચર્ડસન બ્રધર્સના પ્રેસમાં સચિત્ર પ્રકાશિત કરાવી. ૧૮૬૪માં તેઓ મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા. મુંબઈની સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટના તેઓ ડીન તરીકે પણ રહયા. ફાર્બસનું છેલ્લું પ્રસિધ્ધ લેખન જગત વિખ્યાત સૌરાષ્ટ્રના 'સોમનાથ' વિષેનું છે. જે ૧૮૬૫માં પ્રસિધ્ધ થયું. આ અરસામાં કૃષ્ણજીતકૃત "રત્નમાલા"ના વ્રજભાષાના ગ્રંથનો તેમણે અંગ્રેજી અનુવાદ પણ કર્યો.

RÂS MÂLÂ on, HINDOO ANNALS of the PROVINCE OF GOOZERAT, in WESTERN INDIA ના બે ગ્રંથોમાં ચાર વિભાગ છે. પ્રથમ વિભાગમાં ગુજરાતની સીમાના વર્ણનથી શરૂઆત કરી જયશિખરી ચાવડો, પંચાસરનો રાજા, વનરાજ તથા ચાવડા વંશ, મૂલરાજ સોલંકીથી લઈને વસ્તુપાળ-તેજપાળ તથા ચંદ્રાવતીના પરમાર સુધીનો ઈતિહાસ છે. વિભાગ બે માં મુસલમાનોનું ગુજરાતમાં આગમનથી નાના રજવાડાઓ ઈડર, દાંતા, વિગેરેનું વર્ણન સમાવિષ્ટ છે. રાસમાળા ભાગ બે ના ત્રીજા વિભાગમાં ગાયકવાડ, કાઠિયાવાડ, ગોહિલ, ચુંવાળ, મહીકાંઠો, ઈડર, દાંતા વિગેરેનો ઈતિહાસ છે. જયારે ચોથા ભાગમાં તત્કાલિન ગુજરાતની જ્ઞાતિઓ, ધર્મોપચાર, લગ્ન, ઉત્તરક્રિયા-મરણક્રિયા જેવા વિવિધ સામાજિક વિષયો પર સંશોધનાત્મક વર્ણન છે. રાસમાળના બન્ને ગ્રંથોમાં જે ચિત્રો ઉપલબ્ધ છે તે શ્રી ફાર્બસ દ્વારા તૈયાર કરાયેલાં છે. રાસમાળાનું ગુજરાતી ભાષાંતર 'ફાર્બસ ગુજરાતી સભા' દ્વારા રણછોડભાઈ ઉદયરામે કર્યું. જે ૧૯૨૨માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું. જેની ત્રીજી આવૃત્તિ ૧૯૫૫માં પ્રકાશિત થઈ.

અખિલ જગતમાં સર્વોપરી સંસ્કૃત, તેની પુત્રી ગુર્જરી ભાષા-જે વિચારની વાચકમુદ્રા અથવા જ્ઞાનના ભંડારની મંજૂષાનો આપણા ગૂર્જર બાંધવોનો અર્થ સારશે, એવું અતિ ઉપયોગી સાધન - તેને સર્વ પ્રકારે પોષવી અને શ્રૃંગારવી એવા સંકલ્પ સાથે મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, ધી રેવરેન્ડ મિસ્તર ધનજીભાઈ નવરોજી (જે અજ્ઞાત રહેવા માગતા હતા), તથા ડાકટર ઉલસને સાથે મળી 'ગુજરાતી સભા' બનાવી. જેના શ્રી ફાર્બસ પ્રમુખ બન્યા અને શ્રી ત્રિપાઠી માનદ મંત્રી. ૨૫મી માર્ચ ૧૮૬૫માં ગુજરાતી સભા સ્થપાઈ. ૩૧મી ઓગષ્ટ ૧૮૬૫ને ગુરૂવારે ફાર્બસનું પુનામાં મગજના રોગથી દુઃખદ અવસાન થતાં આ સભાને ફાર્બસને અંજલી રૂપે "ફાર્બસ ગુજરાતી સભા" માં રૂપાંતરીત કરાઈ.

ફાર્બસની રાસમાળાની રચના થયા બાદ ગુજરાતના ઈતિહાસની સામગ્રી પૂરા પાડતા વધુ સુસંકલિત અને પ્રમાણભૂત ઈતિહાસ ગ્રંથો સુલભ થતાં આજે તેનું મહત્વ પહેલાં જેટલું નથી. પરંતુ મુંબઈમાં "ફાર્બસ ગુજરાતી સભા" છેલ્લા ૧૪૫ વર્ષથી ગુજરાતી ભાષા સાહિત્યનું સંશોધન કરી સમયના પ્રવાહ સાથે ગુજરાતમાં વિદ્યાવૃધ્ધિનું સુંદર કાર્ય કરી રહી છે. સભાનું ત્રૈમાસિક "ફાર્બસ ગુજરાતી સભા" આદરણીય શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર સાહેબના સંપાદન અને માર્ગદર્શન હેઠળ નવીન ઊંચાઈઓ સર કરતું રહેશે અને ફાર્બસના યશસ્વી જીવનકાર્યનું ચિરંજીવ સ્મારકરૂપ બની રહેશે.

'સ્વર્ણિમ ગુજરાત'ના અવસર દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયને સમૃધ્ધ કરવા માટે અને નર્મદને અંજલિ પ્રદાન કરવાના સ્વરૂપે ગુજરાતી વિષયનો અનુસ્નાતક વિભાગ શરૂ કરવા માટે ગુજરાત સરકારે અનુમતિ આપી તે પણ યોગાનુયોગ છે. 'સ્વર્ણિમ ગુજરાત'ના સ્વર્ણિમ શાસનમાં ગુજરાતી ભાષા તથા સાહિત્યના આવા દુર્લભ ગ્રંથો સુલભ બને તેવું અભિયાન હાથ ધરાય તો 'વાંચે ગુજરાત'ને નવી ઊંચાઈ પ્રાપ્ત થાય.

૧૫ જાન્યુઆરી, ૨૦૧૧

બી. એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## રૂપિયા એક કરોડનું અનુદાન

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનમાંથી ૧૫મી પંચવર્ષીય યોજના દરમ્યાન યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌથી વધુ અનુદાન મેળવ્યા બાદ યુનિવર્સિટીએ વધુ એક યોજનાનો લાભ મેળવ્યો છે. થોડાક સમય પહેલાં કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ, સી.ડી.સી. ડીન ડૉ. પંકજકુમાર ગઢિયાએ તાત્કાલિક દરખાસ્ત તૈયાર કરાવી પોણા બે કરોડનું અનુદાન મેળવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હી સમક્ષ દરખાસ્ત મોકલવામાં આવી હતી. જે પૈકી યુનિવર્સિટીને વિવિધ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હી દ્વારા યુનિવર્સિટીને ૧૧મી પંચવર્ષીય યોજનામાં વધારાનું રૂપિયા એક કરોડનું અનુદાન પ્રદાન કરવામાં આવેલ છે. આ અનુદાનમાંથી પાવર જનરેટર ૫૦૦ (કેવી), સર્વેલન્સ કેમેરા (૨૦ નંગ), યુનિવર્સિટીના પ્રત્યેક વિભાગના ફાયર સેફટી, આર.ઓ. સિસ્ટમ, એલસીડી ટી.વી. ૪૨ ઈન્ચ (૨૦ નંગ), એલસીડી પ્રોજેક્ટર (૩૦ નંગ), ફોટોકોપી મશીન (૧૦ નંગ) અને ઓડિટોરિયમના એ.સી. માટે આ અનુદાન ફાળવવામાં આવેલ છે.

## પરિસંવાદ, ૨૫-૨૬ ફેબ્રુઆરી ૧૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, સુરત અને શ્રીમતી ઝેડ.એસ. પટેલ કોલેજ, સુરતના સંયુકત ઉપક્રમે ૨૫-૨૭, ફેબ્રુઆરી ૧૧ દરમ્યાન યુનિવર્સિટી પરિસરમાં International Seminar on Education for Global Peace નું આયોજન કરવામાં આવેલ છે. સેમિનારમાં ભાગ લેવા ઈચ્છુક શિક્ષણવિદોએ The Principal, Shri S.R. Patel B.Ed. College, Shantikunj Educational Complex, Palanpur, Jakatnaka, Surat-9 (Ph. 0261-2767986), Convener Prof. Ummed Singh, Department of Education, V.N.S.G.U. Surat, Aadil M. Panwala, Asstt. Prof. (Mob. 9898614020), Sumeet N. Ramchandani, Asstt. Prof. (Mob. 9824990886)નો સંપર્ક કરવા વિનંતી છે.

## હાઈ ટેક બી.એડ. પ્રવેશ પ્રક્રિયા

યુનિવર્સિટીએ બે દાયકા બાદ બી.એડ્.ની કેન્દ્રસ્થ પ્રવેશ પ્રક્રિયાને હાઈ ટેક સ્વરૂપ આપી દેવાયું છે. પ્રવેશ સમિતિ સાથે ઈનફરમેશન ટેકનોલોજીનું સંયોજન કરી કુલપતિશ્રી પ્રો. બી. એ. પ્રજાપતિએ શિક્ષણશાસ્ત્રીઓને અપડેટ કરવા પ્રયાસ કર્યો છે. ૧૯૯૪ થી બી.એડ્.ની કેન્દ્રસ્થ પ્રવેશ પ્રક્રિયા ચાલતી હતી. જેમાં આ વર્ષથી સમગ્ર રાજ્યમાં સૌ-પ્રથમ વખત પ્રવેશ પ્રક્રિયા હાઈટેક બનાવાઈ છે. ૧૫ જાન્યુ. થી ૧૦ મી ફેબ્રુઆરી ૨૦૧૧ સુધી www.vnsguadm.org ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે. ફોર્મ ડાઉનલોડ કરવાથી જરૂરી વિગતો ભરવા માટે પ્રવેશ ઈચ્છુકોને સમજ આપવા દક્ષિણ ગુજરાતમાં ૨૦ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. પ્રવેશાર્થીએ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કર્યા પછી આઈ.ડી. નંબર મેળવી લેવાનો રહેશે. જે એન્ટર કર્યા પછી ઉમેદવાર પોતાનું મેરીટ જાણી શકશે. આ વર્ષથી ઈન્ટરનેટ ઉપર ઉમેદવાર સુરતથી જે તે સંલગ્ન કોલેજનું અંતર તથા પોતાને કયાં કયાં પ્રવેશ મળી શકશે તે વિગતો જાણી શકશે. તથા પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કેન્દ્રસ્થ ભવનમાં પ્રોજેક્ટર ગોઠવવામાં આવશે જેથી પ્રવેશ પ્રક્રિયા આગળ વધશે તેમ તેમ એડમિશન સ્ટેટસ પણ સતત જાણી શકાશે.

## સ્વર્ણિમ ગુજરાત



સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત પ્રજાસત્તાક દિનની ઉજવણી ૨૬ જાન્યુઆરીના રોજ સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સંદર્ભમાં વિવિધ કાર્યક્રમો પૈકી વાંચે ગુજરાત કવીઝ સ્પર્ધા, સમયદાન, સામૂહિક, યોગાસન વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.



જેમાં કોલેજો તથા યુનિવર્સિટીના યુવાનો વિપુલ સંખ્યામાં સંલગ્ન થાય તે અંગે માર્ગદર્શન તથા કાર્યક્રમનું રૂપરેખા તૈયાર કરવા માટે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, શ્રી હસમુખભાઈ અઢિયા, અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, કુ.એસ. અપર્ણા, મ્યુ. કમિશ્નર, સુરત, તથા અન્ય પદાધિકારીઓ અને સુરત શહેરની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, એન.એસ.એસ. પ્રોગ્રામ અધિકારીશ્રીઓ, એન.સી.સી.ના અધિકારીશ્રીઓ, શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાઓ સાથે તા. ૧-૧-૨૦૧૧ના રોજ યુનિવર્સિટી પરિસરમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ સભામાં કુલપતિશ્રી પ્રો. બી. એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા અને આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા. શ્રી હસમુખભાઈ અઢિયાએ યુનિવર્સિટી પરિસર સ્થિત નવનિર્મિત આંતરરાષ્ટ્રિય કક્ષાના ક્રિકેટ સ્ટેડિયમનું પણ નિરીક્ષણ કરીને સંતોષ વ્યકત કર્યો હતો.



## દુર્લભ વાચનસામગ્રી

છેલ્લા બે વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંગૃહિત વાચનસામગ્રીની પુનઃ ગોઠવણી, સંરક્ષણ પ્રક્રિયા અને કોમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેની મહત્તમ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. આ કામગીરી દરમ્યાન ગ્રંથાલયની સંગૃહિત વાચનસામગ્રીમાંથી વર્ષ ૧૯૦૦ સુધી પ્રકાશિત થયેલ વાચનસામગ્રીની શોધ કરવામાં આવેલ છે. જેની યાદી નીચે મુજબ છે.

પુસ્તકો :

1 Johnson's New Universal Cyclopedia. New York : Atlases, Maps and Books, 1874.
2 The National Portrait Gallery. New York : Cassell, Petter and Galpin, 1875.
3 Annals of the Royal Botanic Garden, Calcutta. : A Century of New and Rare Indian Plants. Vol.V. Part-II. By P.Bruhl and G.King. New Delhi : Today and Tomorrow's Printers and Publishers, 1896.
4 Annals of the Royal Botanic Garden, Calcutta : Orchids of the Sikkim-Himalaya.Vol.VIII. By Sir George King and Robert Pantling. Germany: Wheldon and Wesley, 1898.
5 Annals of the Royal Botanic Garden, Calcutta. Vol.V. By Sir J.D.Hooker and others. Germany: Wheldon and Wesley, 1895.
6 The Amarkosha. by Tukaram Javaji. 1867.
7 A Compendium of the Castes and Tribes Found in India. By Justice J. Kitts. Bombay : Education Society's Press, Byculla, 1885.
8 Flora India; or Descriptions of Indian Plants. By William Roxburgh. New Delhi: Today and Tomorrow's Printers and Publishers, 1832.
9 A New Manual of Logarithms to Seven Placwes of Decimals. By Dr.Bruhns. London: D.Van Nortrand Company Inc.,1869
10 A Sanskrit English Dictionary. Oxford : Indian Institute, 1899.
11 Henry Esmond. By W.M.Thackery. London: Collin's Clear Type Press,1852.
12 A Midsummer Night's Dream. Edited By Sir Edmund K.Chamers. London: Vlack and son Limited,1809.
13 Stevenson's The Master of Ballantrae : A Winter's Tale. Karach: The Educatioal Publishing Co.,1889
14 The Splendid Spur. By A.T.Quiller-Couch. London: Cassell and Company Limited, 1889.
15 The Ancient Wisdom : All Outline of Theosophical Teaching. By Annie Besant. London: Theosophical Publishing House, 1897.
16 The Pirate. By Walter Scott. Edinburgh : W.P.Nimmo, Hay and Mitchell, 1821.
17 Count Robert of Paris. By Walter Scott. Edinburgh : W.P.Nimmo, Hay and Mitchell, 1831.
18 Peveril of the Peak. By Walter Scott. Edinburgh : W.P.Nimmo, Hay and Mitchell, 1822.
19 Ras Mala or Hindoo Annals of the Province of Goozerat in Western India. Vol.I. By Alexander Kinloch Forbes. London: Richardson Brothers, 1856.
૨૦ પંચશતી. લેખક : મણિલાલ નભુભાઈ દ્વિવેદી. મુંબાઈ : પંડિત જયેષ્ઠારામ મુકુંદજી, ૧૮૯૫

સામયિક :

૧ બુદ્ધિ પ્રકાશ. જાન્યુઆરી ૧૮૬૭ થી ડિસેમ્બર ૧૮૬૭. અમદાવાદ : ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૮૬૭

નકશા :

1 West Coast of India From Achra River to Cape Ramas. Published by John Walker Geographer to the East India Company 1857
2 West Coast of India From Surat Roads to Maroli. Sheet-VI. Bhopal Agency and Indor State.Isagarh and Shajapur Districts. Jhalawar, Kotah and Tonk States. Published by John Walker Geographer to the East India Company, 1858
3 Central India, Gwalior and Rajasthan. Sheet No.54. Published by Colonel H.L.Thuillier, C.S.I.,F.R.S., Surveyor General of India, 1877
4 Rajputana. Magnetic Declination. Jodhpur or Marwar State. Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1877
5 Central India and Rajasthan.Sheet No.182.Parts of states All Rajpur, Mathwar and Barwani (C.I.Agency) and Chhota Udepur and District Khandesh (Bombay). Published by J.T.Walker, Surveyor General of India, 1878
6 Rajputana. Udaipur or Mewar State. Magnetic Declination. Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1879
7 Bombay. Cutch. Published by J.T.Walker, Surveyor General of India, 1880
8 Bombay. Part of Kutch State. Published by J.T.Walker, Surveyor General of India, 1881
9 Bombay. Part of Cutch State.Published by J.T.Walker, Surveyor General of India, 1882
10 Bombay. Part of Cutch State. Published by J.T.Walker, Surveyor General of India, 1883
11 Bombay. Part of Baroda State and Kathiawar Agency. Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1886
12 Bombay. Magnetic Variation. Part of Kutch State. Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1887
13 Bombay. Ratnagiri District. Magnetic Variation. Published by Direction of Lieut.Colonel Colonel H.R. Thuillier. Surveyor General of India, 1887
14 Baroda, Bombay and States of Western India. Kadi District, Ahmedabad District, Cutch and Radhanpur States and Banaskantha and Kathiawar Agencies. Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1889
15 Bombay. Balgaum District and Kolhapur State. Megnetic Declination.Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1894
16 Baroda-Bombay Gujarat States. Parts of District Kaira, Baroda State, Kaira and Rewa Kantha Agencies. Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1894
17 Bombay. Parts of Baroda State and Kathiawar Agency. Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1886
18. Bombay. Parts of Junagad State and Diu Island. (Portuguese) Published by Colonel H.R. Thuillier. Surveyor General of India, 1873

**(B.J. Ankuya, Assistant Librarian)**

## Member

Prof. B. T. Thaker (Department of Chemistry) was elected as a member of the Council of the Indian Chemical Society from Western Zone for the term 2011-2013. Congratulation.

## લેખ

આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયાનો 'ઈન્ડિયન યુનિવર્સિટીઝ હેન્ડબુક (૨૦૧૦)' લેખ શ્રી મણિભાઈ પ્રજાપતિ સંપાદિત ગ્રંથ 'સંદર્ભગ્રંથો અને ગ્રંથસંસ્કૃતિ (૨૦૧૦)' ગ્રંથના પૃ. ૩૬૮-૩૭૪ ઉપર પ્રસિધ્ધ થયેલ છે.

## ૪૨મો કોન્વોકેશન - ડિગ્રી સર્ટીફિકેટ

યુનિવર્સિટી પદવીદાન સમારંભ પૂર્ણ થયા બાદ આ વર્ષે પણ વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પર ડિગ્રી સર્ટીફિકેટ મેળવવા માટે આવવાનું ન રહે તેવા શુભ આશયથી જે વિદ્યાર્થીઓએ હાજર/ગેરહાજર ડિગ્રી સર્ટીફિકેટ મેળવવા માટે ફોર્મ ભર્યું હશે તેવા તમામ વિદ્યાર્થીઓ માટે તા. ૨૬-૦૨-૨૦૧૧ના રોજ એક દિવસ પૂરતું જ ડિગ્રી વહેંચણી અંગેનું કાર્ય કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓ પદવીદાન સમારંભના દિવસે હાજર રહી શકશે નહીં તેવા તમામ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા તેમના ડિગ્રી સર્ટીફિકેટ મેળવવા અંગેના ફોર્મમાં દર્શાવેલ સરનામે ૧ માસની અંદર સ્પીડ પોસ્ટ મારફતે મોકલવામાં આવશે. પદવીદાન સમારંભના બીજા દિવસથી કોઈપણ વિદ્યાર્થીને રૂબરૂમાં પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં.

# કોલેજ ન્યૂઝ

## એન. એસ. એસ.




રોફલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વાપી તરફથી શૈક્ષણિક વર્ષ - ૨૦૧૦-૧૧ના એન. એસ. એસ.નો વાર્ષિક કાર્યશિબિર કપરાડા મુકામે તા. ૧૨-૧૧-૨૦૧૦ થી તા. ૧૮-૧૧-૨૦૧૦ દરમ્યાન યોજાયો હતો. આ શિબિરના ઉદ્ઘાટન સમારંભમાં ડૉ. હેમાલીબેન દેસાઈ, મોટાપોંઢા કોલેજના આચાર્યશ્રી બી.એન. જોષી અને સરપંચશ્રી મંગુભાઈ હાજર રહયા હતા. શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓએ સાફ-સફાઈ અભિયાન, સાક્ષરતા અભિયાન સાથે બૌદ્ધિક સત્રનું આયોજન કર્યુ હતું. શ્રી રોહિતભાઈ, પાટડી કોલેજના પ્રા. એસ.ડી.ભાવસાર, ધરમપુર કોલેજના પ્રિ. યોગેશભાઈ ભટ્ટનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તદપરાંત વિનામૂલ્યે બોડી ચેકઅપ અને આઈ ચેકઅપ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં કપરાડા ગામના ૨૫૦ વ્યકિતઓએ લાભ લીધો હતો. શિબિરની પૂર્ણાહુતિ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિ, શ્રી એ. એન. માલવિયા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યશિબિરના ડૉ. વી. એસ. પાઠક અને ડૉ. એ. એલ. ટંડેલે કામગીરી બજાવી હતી.

એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ સુરતનો વાર્ષિક એન. એસ. એસ. શિબિર તા. ૨૧ થી ૨૭ નવેમ્બર, ૨૦૧૦ દરમ્યાન ઓલપાડ તાલુકાના ગોથણગામે સુંદર પ્રાકૃતિક વાતાવરણમાં યોજાઈ ગયો. જેનું ઉદ્ઘાટન સોસાયટીના ચેરમેન શ્રી રજનીકાંતભાઈ મારફતિયાના ઉદ્બોધનથી થયું. પ્રા.ડૉ.ભાવનાબેન સોલંકીએ મહેમાનોનો પરિચય, સ્વાગત અને શિબિરની ભૂમિકા સમ્પન્ન કરી. સુરતના. ઈ.ચા. એન. એસ. એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. એ. એન. માલવીયાએ એન. એસ. એસ. પ્રવૃત્તિનો ઈતિહાસ, વિકાસ અને વ્યાપ પ્રસ્તુત કર્યો. ઈ.ચા.આચાર્ય ડૉ. મધુકરભાઈ પાડવીએ પોતાનાં જીવનમાં શિબિર જીવનનાં જ ઉપયોગી પૂરવાર થયાનું દોહરાવ્યું. આ શિબિરમાં યોગાસન-પ્રાણાયમ થયા હતા.

## પીએચ. ડી.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ગુજરાતી વિભાગના પૂર્વ વિભાગાધ્યક્ષ, ડૉ. સતીષ વ્યાસના માર્ગદર્શન હેઠળ શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડના પ્રા. રણજિતસિંહ દુર્લભસિંહ ઠાકોરે 'મકરન્દ દવેની કવિતા : એક અભ્યાસ' વિષય પર સંશોધન પર મહાનિબંધ રજૂ કર્યો હતો જેને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરી પી.એચ.ડી.ની પદવી માટે ઉત્તીર્ણ જાહેર કર્યા છે.



ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ, ઉધના સંચાલિત ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનાં ઉપાચાર્ય શ્રી મનીષ મુકેશચંદ્ર કાયસ્થે "રીકગ્નીશન એન્ડ ટ્રાન્સફોર્મેશન ઓફ અ ગુજરાતી ટેક્ષ્ટ પેપર ડોકયુમેન્ટ ઈનટુ ઈલેકટ્રોનીક ફોર્મ"માં તેમનું સંશોધન કાર્ય પૂર્ણ કર્યુ છે અને તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી કોમ્પ્યુટર સાયન્સમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે તેમનું સંશોધન કાર્ય ડૉ. બંકીમ સી. પટેલ, ડાયરેકટર, શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, બારડોલી, સુરતના

## સ્પર્ધા



સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા, દ્વારા સ્વ. શ્રી ડૉ. માર્કડભાઈ ભટ્ટના પદ્મા જન્મદિને "પ્રોજેકટ મેકીંગ કોમ્પિટીશન ૨૦૧૦" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ શ્રી ડૉ. ઘનશ્યામભાઈ રાવળ (સિન્ડીકેટ મેમ્બર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.)ની વિશેષ ઉપસ્થિતિમાં સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બેડમિન્ટન બહેનોની ટીમ ઓલ ઈન્ડિયા લેવલે રમવા માટે વિજયવાડા ખાતે ગયા હતી. જેમાં યુનિવર્સિટીની ટીમ વિજેતા બની હતી. જેમાં શાહ એન. એચ. કોમર્સ કોલેજ વલસાડની વિદ્યાર્થીની કુ. કૃતિકા પરદેશીએ ભાગ લીધો હતો.

શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ, ભેસ્તાનમાં "સ્વરચિત હિન્દી કાવ્યપઠન સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ-સંત તન્વી એ. દ્વિતીય-જાદવ મનિષ જી. અને તૃતીય-ધનગર પંકજ પી. રહયા હતા.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૯-૧૨-૧૦ના રોજ રમતોત્સવ ઉજવાયો હતો. જેમાં ક્રિકેટ, વોલીબોલ, ખો-ખો, દોડ, બેડમિન્ટન, કેરમની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. તદ્પરાંત શૈલેષકુમાર શાંતિલાલ જોષીએ તા. ૧૮-૧૨-૧૦ના રોજ "ગીતા જયંતિ" નિમિત્તે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ, પાંડેસરા-સુરત દ્વારા આયોજીત આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. અભિનંદન

સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ સુરતમાં તા. ૧૦-૧૨-૧૦ના રોજ ઈન્ટર કોલેજ કાવ્યપઠન સ્પર્ધાનું ઉદ્દઘાટન આચાર્યશ્રી ડો.યુ.ટી.દેસાઈએ દિપ પ્રગટાવીને કર્યું હતું. આ સ્પર્ધાના વિજેતાઓમાં પ્રથમ કુ. પલક બી. શાહ (સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ સુરત), દ્વિતીય વૈભવ એમ. દેસાઈ (સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત.), તૃતીય : જૈનિશ એ. ભગત (ડી. બી. આઈ. એમ., વીર નર્મદ દ. ગુજરાત યુનિવર્સિટી, સુરત.) આશ્વાસન ઈનામ : કુ. કરિશ્મા આર. શુકલા અને કુ. પટેલ અંકિતા (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોઢાં). ઈન્સ્ટન્ટ કવીઝ વિનર તરીકે ઉધના બી.બી.એ. કોલેજની કુ. કરિશ્મા આર. શુકલને ઈનામ મળ્યુ હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઈન્ટરકોલેજીએટ હોકી ટૂર્નામેન્ટ વાપી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં રમાડવામાં આવી હતી. જેમાં ફાઈનલમાં સી. પી. ડીગ્રી કોલેજ સામે ૮-૧ ગોલથી હારી ગયા બાદ યુનિવર્સિટીમાં રનર્સઅપ બન્યા હતા.

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત જિલ્લા કક્ષાની કવીઝ સ્પર્ધા તા. ૨૫-૧૨-૧૦ના રોજ શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં પ્રથમ વાપીની રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને દ્વિતીય વલસાડની જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ રહી હતી. પ્રિ. ડૉ. જે. એમ. નાયકે ટ્રોફી એનાયત કરી હતી.

જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૯-૧૨-૧૦ના રોજ સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા અંતર્ગત સુરત શહેર અને જિલ્લાની આંતર કોલેજ એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજવામાં આવી હતી. પરિણામ - પ્રથમ (૧) આહિર વ્યોમા (પી.ટી.સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત.) દ્વિતીય (૧) શાહ વૈભવી (ડી. આર. પટેલ એન્ડ આર. બી. પટેલ કોમર્સ કોલેજ - ભરથાણ, સુરત.) (૨) કંસારા નિરજ ( જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ, અમરોલી) તૃતીય (૧) શાહ કરૂણા બી. (શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.) (૨) કાછડીયા તુષાલ (જે. ડી. ગાબાણી કોમર્સ કોલેજ, વરાછારોડ, સુરત.)

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા નેશનલ ગ્રુપ વલસાડ અને સુરત ડિવીઝનના સહયોગથી કોલેજ કેમ્પસ ખાતે તા. ૨૬-૧૨-૧૦ના રોજ ઈન્ટર કોલેજ કેસ સ્ટડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૧ કોલેજાના વિદ્યાર્થીઓની ટીમોએ તેમના ઈન્ચાર્જ અધ્યાપકો સાથે ભાગ લીધો. સ્પર્ધાનો ઉપાચાર્યશ્રી વી. એમ. કેવતે મહેમાનોનું પુસ્તકરૂપી પુષ્પથી સ્વાગત કર્યુ હતું. પરિણામ : (૧) એસ.બી.ગાર્ડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવસારી - પ્રથમ. (૨) લક્ષ્મી ઈન્સ્ટીટયૂટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, સરીગામ - દ્વિતીય. (૩) શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ - તૃતીય. (૪) એસ. એસ. અગ્રવાલ કોલેજ, નવસારી.

## સ્વર્ણિમ ગુજરાત

જે.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના ગુજરાતી વિભાગ અને 'વાંચે ગુજરાત' અંતર્ગત વાર્તાકાર માય ડિયર જયુએ વાર્તાતત્વની વિશિષ્ટ છણાવટ કરી તેમની 'છકડો' વાર્તા વિષે ચર્ચા કરી હતી. વધુમાં તેમણે 'જીવ' વાર્તા સંગ્રહના સર્જન અંગે પ્રશ્નોત્તરી કરી હતી.

શ્રીમતી વી. આર. ભકત. શિક્ષણ મહાવિદ્યાલય કામરેજ ચાર રસ્તા, સુરતમાં એક સાથે વાંચે ગુજરાત અંતર્ગત તા. ૩૦-૧૦-૨૦૧૦ ના રોજ (સાપુતારા) બોર્ટોનિકલ ગાર્ડનમાં કોલેજનાં શૈક્ષણિક પ્રવાસ દરમિયાન એક કલાકનો વાંચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રારંભમાં ડો. એ. એમ. કાપડીયાએ કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી ડો. જે.પી.ગોહિલ, ગાર્ડન સફાઈનું કામ કરતાં મજૂરો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.



સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિતે, ઈન્ટર કોલેજ વેસ્ટમાંથી બેસ્ટ તેમજ સર્જનાત્મક કામગીરી સ્પર્ધાનું આયોજન આચાર્યશ્રી ડો. યુ. ટી. દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. સર્જનાત્મક કામગીરી - પ્રથમ : કું. વિહંગી એસ. નાયક (એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા), દ્વિતીય : અવિનાશ માગરે (નવયુગ કોમર્સ કોલેજ, સુરત), તૃતીય : શ્રી શૈલેષ પટેલ (અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલજ), આશ્વાસન : કુ. પ્રિયંકા તુલસીયાન (વનીતા વિશ્રામ કોલેજ, સુરત), રાકેશ ડી. ધોધારી (નવયુગ કોમર્સ કોલેજ, સુરત). સર કે.પી.કોલેજ ઓફ કોમર્સના વિજેતાઓ, પ્રથમ : કુ.દયા ચોઠવડીયા, દ્વિતીય - શ્રી શ્યામ વી. હળપતી, તૃતીય - કુ. જીજ્ઞાસા પટેલ, આશ્વાસન ઈનામ - કુ. નેન્સી ઢબુવાલા. બેસ્ટ આઉટ ઓફ બેસ્ટ - પ્રથમ કું. વી.એસ. નાયક (એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા), દ્વિતીય કું. રાજેની ગોયલ (એસ.પી.ટી. મહિલા કોલેજ, સુરત. તૃતિય રવી હિરાની (અખંડ આનંદ આર્ટસ કોમર્સ કોલેજ). આશ્વાસન - કું એમ. બી. ભોજાની (બરફીવાલા કોલેજ, સુરત). કુ. સ્નેહ નારંગ (વનિતા વિશ્રામ કોલેજ, સુરત)

"વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત સી.ડી.બરફીવાલા કોમર્સ કોલેજ, સુરતમાં વલસાડની કોમર્સ કોલેજના પ્રિ. ડૉ. જે. એમ. નાયકનું વિદ્યાર્થીઓને વાંચનાભિમુખ કરવા પ્રેરણા સભાનું આયોજન થયું હતું. વકતાએ વિદ્યાર્થીઓને ઈતર સાત્વિક વાચન થકી વિકસવા માટે અનુરોધ કર્યો હતો.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં "વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ વાચક સ્પર્ધા સંદર્ભે નવસારીની ગાર્ડા કોલેજના પ્રો. ડૉ. ધર્મવીર ગુર્જરે જીવનમાં વાંચનના મહત્વ અંગે પ્રેરણા પૂરી પાડીને શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

વાંચે ગુજરાત અભિયાન અંતગર્ત બી. એડ. કોલેજ, બારડોલીમાં તા. ૨૦-૧૨-૧૦નાં રોજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી ગ્રંથાલય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યા ડો. કિન્નરીબેન પટેલે મહેમાનોનું પુસ્તક પુષ્પથી સ્વાગત કરી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ભારત એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચનમાં તાલીમાર્થીઓને જીવનમાં પુસ્તકોનું કેટલું મહત્વ છે એ વિશે વિસ્તૃત સમજ આપી વાંચન પ્રત્યે પ્રોત્સાહિત કર્યા હતાં. કાર્યક્રમનાં અધ્યક્ષ અને બારડોલી તાલુકા વાંચે ગુજરાત અભિયાનનાં અધ્યક્ષશ્રી વિરલભાઈ વ્યાસે જણાવ્યું કે વ્યકિતના દૈનિકચર્ચાની અંદર વાંચનને અવશ્ય સ્થાન આપવું જોઈએ. કાર્યક્રમમાં શ્રેષ્ઠપુસ્તક સમીક્ષા વકતૃત્વ નિબંધ લેખન ચિત્રકલા ગુજરાત કવીઝ સ્પર્ધામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ખાસ ઈનામો તથા દરેક સ્પર્ધકને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતાં.

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી અંતર્ગત ઉધના સીટીઝન કો. ઓ. બેંક કોમર્સ કોલેજ દ્વારા આયોજીત આંતર કોલેજ ત્વરિત વકતૃવ્ય સ્પર્ધામાં નવયુગ સાયન્સ કોલેજ આહુજા આલોક નરેશભાઈએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સમગ્ર કોલેજોમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ફરતું શિલ્ડ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.



## આરોગ્ય

એમ. એસ. પાઠક હોમીયોપેથીક મેડિકલ કોલેજ અને ન્યુ લાઈફ હોસ્પીટલ વડોદરાને "હેલ્થી મધર હેપી ચાઈલ્ડ" અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૧,૯૪,૦૦૦નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

સ્વર્ણિમ ગુજરાત અન્વયે સપ્તધારા-સમુદાય સેવાધારા અંતર્ગત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી એન. એસ. એસ. વિભાગ, ફેમિલી ફિઝીશ્યન એસોસીએશન-સુરત. અમરોલી મેડીકલ સર્કલ, લાયન્સ કલબ ઓફ સુરત, નોર્થના સંયુકત ઉપક્રમે "મફત આંખની તપાસ અને રાહતદરે ચશ્માં વિતરણ કાયક્રમ"નું તા. ૩૦/૧૨/૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૨૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સેવાનો લાભ લીધો હતો. આ કેમ્પમાં "સુનયન ચશ્મા ઘર" ડૉ. મનોજભાઈ ભટ્ટ તથા ડૉ. મેહુલ ભાવસાર અમરોલી મેડીકલ સર્કલના પ્રમુખશ્રી ડૉ. ભવ્યેશ સોલંકી, ફેમિલી ફિઝીશ્યન એસોસીએશન, પ્રમુખશ્રી ડૉ. મનસુખ એસ. ગટીવાલા તથા હોદ્દેદારો હાજર રહયા.

## પ્રવાસ

જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા - પારડીના વિદ્યાર્થીઓએ પરિયા ખાતે આવેલ આધાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. આ મુલાકાત કોલેજની સાંસ્કૃતિક સમિતિ અને એસ.ટી.,એસ.સી. સેલનાં ઉપક્રમે યોજવામાં આવી હતી.

## આરોગ્ય

શ્રીમતી જી.એન.પંડયા બી.એડ્.કોલેજ, ભેસ્તાનમાં "વિશ્વ એઈડ્સ દિન" નિમિત્તે વિશાળ એઈડ્સ જન-જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજ પરિવાર દ્વારા એઈડ્સ રોગ અંગે પ્રવર્તતી ગેરસમજો દૂર કરી જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ થયો હતો. આ ઉપરાંત એઈડ્સ જાગૃતિ અંગેના પ્રદર્શનનું કોલેજમાં આયોજન થયું હતું. જે સંસ્થાના પ્રમુખશ્રી હેમંતભાઈ પંડયા દ્વારા ખુલ્લું મુકાયું હતું. જેમાં તાલીમાર્થીઓએ પુસ્તકો, ચિત્રો, પોસ્ટરો દ્વારા વિવિધ ભાષાઓમાં એઈડ્સ અંગેની જરૂરી સમજ આપી હતી. સમગ્ર એઈડ્સ રેલી તથા પ્રદર્શન અંગેનું આયોજન પ્રા. વૃંદાબેન સુરતી તથા પ્રા. ઈચ્છાપોરિયા ભરતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

તા. ૦૧/૧૨/૧૦ ના રોજ નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં "વિશ્વ એઈડ્સ દિન" નિમિત્તે શ્રીમતી જસ્મીનબેન પંચાલે (નેશનલ ઈન્સ્ટીટયૂટ ફોર વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ, પ્રોજેકટ ઓફિસર) સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિ અને એઈડ્સ જાગૃતિ કરણ અંગેની સમજૂતિ આપી હતી. શ્રીમતી અરૂણાબેન ગામીતે, (નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ, કાર્યકર્તા) HIV વિશે વાતો રજુ કરી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી હતી.

૧ ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિનની અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ. કોલેજમાં ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે તાલીમાર્થીઓએ લાલ રીબીન લગાવીને એઈડ્સના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિની ભાવના દાખવી હતી. પ્રા. કુણાલભાઈ પંચાલ, હરિસચંદ્ર કોસંબિયા તથા પ્રશિક્ષણાર્થી ઊર્વશીબેન ગોહિલે વકતવ્ય આપ્યું હતું.

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર સંલગ્ન કાળીદાસ હોસ્પિટલ વ્યારા દ્વારા ઉત્તર બુનિયાદી વિદ્યાલય કાટીસકૂવા નજીક ખાતે તા. ૨૬-૧૧-૧૦ ના રોજ સામાજીક જાગૃતિ અને વિના મૂલ્યે હોમિયોપેથીક નિદાન અને સારવાર શિબિર રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૯૦ દર્દીઓએ લાભ લીધો હતો. તા. ૩૦-૧૧-૧૦ના રોજ ચાંપાવાડી ખાતે સારવાર શિબિર યોજાઈ ગઈ, જેમાં ૨૪૫ દર્દીઓએ લાભ લીધો હતો. તા. ૦૧-૧૨-૧૦ ના રોજ વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે કોલેજ પરિવાર દ્વારા એઈડ્સની જાણકારી આપવામાં આવી હતી. ઉપરોકત શિબિરોમાં ડૉ. જે. જે. જૈન, ડૉ. શ્વેતા વણકર, ડૉ. પી. આર. પટેલ અને ડૉ. સ્નેહા તલાવીયાએ સેવાઓ આપી હતી.

જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં એન. એસ. એસ. સુરત. રકતદાન કેન્દ્ર, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ઈ. મે. એસો.ફે.ફિ.એસો. સુરત, અમરોલી મેડીકલ સર્કલના સહયોગથી તા. ૦૮-૧૨-૧૦ના રોજ તૃતિય રકતદાન શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં કોલેજ પરિવાર, વિવિધ મહાનુભાવો અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. આ શિબિરમાં ૭૦ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતુ. રકતદાતાઓને સુરત સાંઈ સેવા સમિતિ, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ફે.ફિ.એસો.સુરત તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી પ્રા.એન.બી.બારીયાએ રકતદાન અંગે માહિતી આપી હતી.

તા. ૨૨-૧૨-૨૦૧૦ના દિને નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં એન.એસ.એસ. રેડરીબન કલબ અને સુરત રકતદાન કેન્દ્રના સહયોગથી યોજાયેલ રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓએ ૬૭ બોટલ રકતદાન કર્યું હતું.

## સેમિનાર



સે શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે તા.૨૫-૨૬-૧૦ના રોજ "શિક્ષણ - પ્રશિક્ષણમાં નવ વિચારાત્મક વ્યવહારો" વિષય પર દ્વિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય શ્રી ડૉ. ઘનશ્યામ રાવલ, ડીન શ્રી. ડૉ. જે.પી.ગોહિલ, ડૉ. ઉમ્મેદ સિંહ, ડૉ. પ્રફુલસિંહરાજ, ભરૂચ જિલ્લાના સાંસદ શ્રી મનસુખ વસાવા, નર્મદા સુગર અને દુધધારા ડેરીના ચેરમેન શ્રી ઘનશ્યામ પટેલ. શ્રી ભરૂચ જિલ્લા આદર્શ સમાજ સેવા મંડળના પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ પી. પટેલ અને મંત્રી શ્રી મહેશચંદ્ર પી. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. આ સેમિનારમાં વિષયને અનુરૂપ : જુદા જુદા શિક્ષણ મહાવિદ્યાલયોનાં અધ્યાપકો, આચાર્યો અને તાલીમાંર્થીઓએ પેપરો રજુ કર્યા હતા. તા. ૨૬-૧૨-૧૦નાં રોજ સમાપન કાર્યક્રમમાં પેનલચર્ચા અંતર્ગત શિક્ષક - પ્રશિક્ષણમાં નવવિચારાત્મક વ્યવહારોમાં NCTE સરકાર યુનિવર્સિટી અને સંચાલક મંડળની ભૂમિકા પર ચર્ચા કરવામાં આવી ત્યારબાદ પેપર અધ્યાપકો દ્વારા પેપર્સ રજૂ કરવામાં આવ્યા હતા. સમાપન કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિ, રજીસ્ટ્રારશ્રી જે. આર. મહેતા, સિન્ડિકેટ સભ્ય શ્રી કિશોર સિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું.

સે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને જિલ્લા સેવા સદન સુરતના સંયુકત ઉપક્રમે ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે ગ્રાહક સુરક્ષા ધાર ઉપર તા. ૨૮-૧૨-૧૦ના રોજ સેમિનારનું આયોજન થયું. સેમિનારમાં શ્રી એસ.ડી.તાંબાવાળા અને ચેતનભાઈ જે. ટેલર - પ્રેસિડન્ટ (ફ્રીલાન્સ પત્રકાર મંડળ) અને માહિતી પુરી પાડી.

સે નવયુગ સાયન્સ કોલેજ, સુરતના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૩-૧૨-૧૦ના રોજ યુ.જી.સી. સ્પોન્સર્ડ 'ફન્ડામેન્ટલ્સ ઓફ કવોન્ટમ કેમેસ્ટ્રી, સિમેટ્રી અને ગ્રૂપ થીયરી' વિષય પર સ્ટેટ લેવલ વર્કશોપનું આયોજન થયું હતું. જેમાં રાજયની વિવિધ કોલેજ તેમજ યુનિવર્સિટીના ૧૮૨ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં પ્રા. ડૉ. એ.કે. રે (ચાંગા, ડીમ્ડ યુનિ. નડીયાદ) એ કવોન્ટમ કેમેસ્ટ્રી ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ ડૉ. જે.જે. વોરા (એમ.જી. સાયન્સ કોલેજ, ગુજરાત યનિ., અમદાવાદ) એ સિમેટ્રી અને ગ્રૂપ થીયરી વિષય પર સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ રસ દાખવી જરૂરી પ્રશ્નો પૂછયા હતા. ઉદ્‌ઘાટન સમારોહના પ્રમુખપદે યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના ડૉ. બી.ટી. ઠાકરે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે ખુબ અગત્યના વિષય પરત્વે ઉદાસીનતા દૂર કરી લેવા અનુરોધ કર્યો હતો. મુખ્ય મહેમાન શ્રી અંકૂર રાવલે વર્કશોપની ભવિષ્યમાં ઉદ્યોગોમાં જરૂરીયાત વિશે જણાવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી જગદીશ બોદરા અને શ્રી દીલીપ રવાણી તથા વાલી અધ્યાપક મંડળના અધ્યક્ષ શ્રી એડલોકેટ રમેશભાઈ પટેલ વગેરે હાજર રહયા હતા. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલે મહેમાનોને આવકારી વર્કશોપની અગત્યતા સમજાવી હતી. સેક્રેટરી ડૉ. આર.ટી. વશીએ કવોન્ટમ કેમેસ્ટ્રી, સીમેટ્રી અને ગ્રૂપ થીયરી વિશેની ભૂમિકા સમજાવી હતી. કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડિનેટર ડૉ. જી. એમ. મલિકે કર્યું હતું. આભાર વિધિ ડૉ. જે.કે. પટેલે આટોપી હતી.

## વાર્ષિકોત્સવ

તા. ૦૪-૧-૨૦૧૧ના રોજ ઉધના સીટીઝન કો.ઓપ.બેંક કોમર્સ કોલેજ, સુરતમાં વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રમુખ તરીકે ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશચંદ્ર જી. દેસાઈ, મુખ્ય મહેમાન તરીકે કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રિ. ડૉ. વી.ડી. નાયક પધાર્યા હતા. કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રીઓ, અન્ય કોલેજોના આચાર્યો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. પ્રિ. ડૉ. એ.જી. મહેતાએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો. ઉપાચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ વર્ષ ૨૦૧૦-૧૧નો અહેવાલ રજુ કર્યો હતો. ઈનામ વિતરણ પછી વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

## વ્યાખ્યાન

વ્યા શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં સુરતના નેશનલ ગ્રુપ ઓફ ઈન્સ્ટી. ઓફ આઈ. ટી. એન્ડ મેનેજમેન્ટ પુરસ્કૃત આંતર કોલેજ કેસ સ્ટડી સ્પર્ધા તા. ૨૬-૧૦-૧૦ ના રોજ યોજાઈ ગઈ. જેમાં નેશનલ ગ્રુપના ફેકલ્ટી મેમ્બર કૃપા દેસાઈએ વિષય સંબંધિત પ્રેઝન્ટેશન કર્યુ હતું.

બંધાયેલો કોણ ? - જે 'હું' માને છે. મુકિત એટલે શું ? - રાગદ્વેષાદિથી છૂટવું તે. નરક એટલે શું ? - અસત્ય. મુકિત મેળવનાર કઈ વસ્તુ છે ? - અહિંસા. મુકત દશા કઈ ? - રોગદ્વેષાદિનો સર્વદા અભાવ. નરકનું પ્રધાન દ્વાર ? - અસત્ય આચાર.

ગાંધીજી (મહાદેવભાઈની ડાયરી), ભાગ-૧લો, પૃ. ૨૭૧

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com